**–:: ફોજદારી કેસ નં.૧૨૨૫૮/૨૦૨૧ નાં કામે આંક–૧ લગત હુકમ ::–**

હાલના ગુના કામે આરોપી વીરુધ્ધ આક્ષેપીત ગુનાની વિગત જોતા આરોપીએ ફરીયાદીનો લોડીંગ ટેમ્પો નં.જીજે–૦૧–ટી.બી–૪૬૭૭ કિંમત રુા.૧,૦૦,૦૦૦/– ની ચોરી કરેલાનો ઈ.પી.કો.ની કલમ–૩૭૯ મુજબના ગુનાનો આક્ષેપ છે.સદરહુ કેસમાં આરોપી ઘણા લાંબા સમયથી મળી આવતા ન હોવાથી કેસ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૯ મુજબ આરોપીની ગેરહાજરીમાં ચાલેલ છે.ફરીયાદપક્ષે એકમાત્ર સાહેદ એવા ફરીયાદી–પવનકુમાર કુંવરબહાદુર ગોસ્વામીને આંક–૦૪ થી તપાસેલ છે. સદર ફરીયાદીના પુરાવામાં આંક–૦૫ થી ફરીયાદ રજુ થયેલ છે. તેમજ ફરીયાદીના પુરાવામાં તથા ફરીયાદ હકિકતમાં આરોપી વીરુધ્ધની અને આરોપીની ગુના કામે સંડોવણી કરી શકાય તેવી લેશમાત્ર હકિકત રજુ થતી નથી. વધુમા ફરીયાદીને મુદ્દામાલ પરત મળી ગયેલ છે અને ફરીયાદીને હાલનો કેસ આગળ ચલાવવો નથી તેમજ વિશેષ કોઈ પુરાવો રજુ કરવો નથી તેમ જણાવેલ છે. આમ, હાલના કામે આરોપી વીરુધ્ધના સંજોગો રજુ થયેલ ના હોઈ,હાલનો કેસ આજરોજ લોક અદાલતમાં ફેંસલ કરવાનુ ન્યાયોચિત જણાતુ હોય નીચે મુજબ હુકમ ફરમાવવામાં આવે છે.

**// હુકમ //**

આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૭૯ ના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે મુદામાલ–લોડીંગ રીક્ષા અંગે અગાઉ વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે તે હુકમ આથી કાયમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજની લોક અદાલતમાં વાંચી સંભળાવીને મારી સહીથી જાહેર કર્યો.

તા.૨૨/૦૬/૨૦૨૪ (ચિરાગ વામનરાય ભટ્ટ)
નવરંગપુરા ૬ઠ્ઠા એડી. સીવીલ જજ અને જ્યુડી. મેજી. ફ.ક.,
અમદાવાદ(ગ્રામ્ય)